અપીલ અરજી નં.૧૧૬ તા.૧–૮–૦૮

અરજદાર: શ્રી ધર્મેન્દ્ર દુબે
સામાવાળા:ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન

***હુકમ:–***

***વિષય:***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધર્મેન્દ્ર દુબેની તા.૪–૭–૦૮ ની અરજીથી શ્યામ રો–હાઉસમાં બનેલ તુલસી હોસ્પિટલની બિલ્ડીંગ કાયદેસર છે કે કેમ હોસ્પિટલની બાજુમાં પુરાણ કરીને પાર્કીંગ કાયદેસર છે, ગેરકાયદેસર કામ કરવામાં આવેલ હોય તો કયા અધિકારીની જવાબદારી હોય છે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૧૬/૦૮–૦૯

શ્રી ધર્મેન્દ્ર દુબેની તા.૪–૭–૦૮ ની અરજીથી શ્યામ રો–હાઉસમાં બનેલ તુલસી હોસ્પિટલની બિલ્ડીંગ કાયદેસર છે કે કેમ હોસ્પિટલની બાજુમાં પુરાણ કરીને પાર્કીંગ કાયદેસર છે, ગેરકાયદેસર કામ કરવામાં આવેલ હોય તો કયા અધિકારીની જવાબદારી હોય છે તેની માહિતી આપવા બાબતે માહિતી અનુસાર તુલસી હોસ્પિટલ ગેરકાયદેસર હોય જે આપેલ માહિતી સાચી છે તો તોડવામાં કેમ આવેલ નથી અને કયા અધિકારીની જવાબદારી છે તેનો જવાબ આપેલ નથી તેવા કારણસર એપેલેટ ઓફિસરને તા.૧–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિસંગતતા હોય તો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૦૪ તા.૭–૮–૦૮ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સા.ઈ.ઝોન/એસ્ટા./આ.નં.૨૦૩૫ તા.૨૦–૮–૦૮ થી અત્રે માહિતી મળેલ છે.

અરજદારે મુળ અરજીમાં શ્યામ રો–હાઉસમાં બનેલ તુલસી હોસ્પિટલની બિલ્ડીંગ કાયદેસર છે કે કેમ? બાજુમાં પુરાણ કરી પાર્કીંગ કાયદેસર છે, ગેરકાયદેસર કામ કરવામાં આવેલ હોય તો કયા અધિકારીની જવાદારી હોય છે જે અંગે ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતીઅધિકારી લીંબાયત ઝોન કક્ષાએથી સા.ઈ/ઝોન/મહેકમ/૧૭૧૫ તા.૨૫–૭–૦૮ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.જે મુજબ પાર્કીંગ તા.૨૨–૭–૦૮ ના રોજ દબાણ ખાતા ધ્વારા દુર કરવામાં આવેલ છે તથા ગેરકાયદેસર બાંધકામની વિગત પણ જણાવેલ છે તથા અરજદારને તા.૨૦–૮–૦૮ ના રોજ જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/મહેકમ આ.નં.૨૦૩૩ થી પૂરક માહિતીમાં મિલ્કતને સુરત મહાનગરપાલિકામાં સમાવેશ તા.૧૪–૨–૦૬ થી થયાનું અને મિલ્કતની દફતરે દાખલ અંગેની અજદારને પૂરી પાડેલ માહિતીની નકલ અત્રે રજુ કરેલ છે. પરંતુ કયા અધિકારી જવાબદાર છે તે અંગે તત્કાલીન સક્ષમ સત્તાને અરજી તબદીલ કરેલ જણાતી નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારે તા.૪–૭–૦૮ ના રોજ કરેલ અરજીમાં માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નિયત સમય મર્યાદામાં માહિતી પૂરી પાડેલ છે પરંતુ ગેરકાયદેસર બાંધકામ માટે જવાબદાર અધિકારીની માહિતી બાબતે લાગત જાહેર સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ ન હોઈ તેટલા પુરતી અરજી અત્રેની જાણ હેઠળ દિન–૫ માં તબદીલ કરવા ડે.કમિશ્નર (હેઅનેહો)ને જણાવવામાં આવ છે. તેમની કક્ષાની અરજદારે અપીલમાં ઉપસ્થિત કરેલ અલાયદી કાર્યવાહીને લગતાં પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી,લીંબાયત ઝોન..... જાણ તથા અમલ માટે.
(૨)શ્રી ધર્મેન્દ્ર દુબે.,